# Day to Day Current Affairs

**6.Dec 2015**

## ૧. ડૉ. બી. આર. આંબેડકર પુણ્યતિથિ :

- આજ 6 ડિસેમ્બર, 2015 બંધારણના ઘડવૈયા ડૉ.બી.આર. આંબેડકરનો 60મો મહાપરિનિર્વાણ દિવસ છે.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના નિવાસ સ્થાન 7 રેસકોર્સ રોડ ખાતે આ દિવસે ડૉ.આંબેડકરની 125મી જન્મજયંતિ વર્ષની ઉજવણીના ભાગરૂપે રૂ. 125 અને 10 ના નવા સિક્કા બહાર પાડયા હતા.

## ૨. મોકર સાગર – પોરબંદર :

- પોરબંદર નજીક આવેલા કુદરતી સૌંદર્ય ધરવતા મોકર સાગર આંતરરાષ્ટ્રીય રામસર વેટલેન્ડ કન્વેનશન સાઈટ તરીકે ઘોષિત કરાશે.
- આ બાબતે જર્મન સરકાર અને ભારત વચ્ચે એમઓયુ થઈ ચૂકયા છે.
- રામસર ઈરાનના એક શહેરનું નામ છે જ્યાં 2જી ફેબ્રુઆરી, 1971માં કન્વેન્શન સાઈન થયુ હતુ તેથી આ પ્રોજેકટને રામસર નામ અપાયું છે.
- આ પ્રોજેકટનું મુખ્ય કાર્ય આંતરરાષ્ટ્રીય વેટલેન્ડ (ભેજવાળી જમીન) ની જાળવણી કરવાનું છે.
- કુલ 169 દેશની 2208 સાઈટ્સ આ પ્રોજેકટમાં સમાવેશ થયેલ છે જેમા યુ.કે.ની સૌથી વધુ 170 સાઈટ્સ છે.
- ગુજરાતમાં નળસરોવર બાદ મોકર સાગરને આ કન્વેન્શનમાં સ્થાન મળે તેવી શકયતા છે.
- મોકર સાગર માનવીય વસાહતથી ઘણો દુર છે તેથી પ્રદુષણ પણ ઓછું છે.
- વિદેશી પક્ષીઓ માટેના રૈનબસેરા સમા આ 10 કિ.મી. વિસ્તારમાં છાશ અને છાછ જેવા પ્રાગ ઐતિહાસિક વૃક્ષો છે જે વિદેશી પક્ષીઓનો ખોરાક અને આવાસ બંનેનું કામ કરે છે.
- આ ખાસિયતને લીધે જ રામસર વેટલેન્ડ પ્રોજેકટમાં તેની પસંદગી થઈ છે.

## 3. 'ડેસ્મન્ડ' – વાવાઝોડું :

- બ્રિટનમાં આવેલુ વર્ષનું સૌથી ખતરનાક વાવાઝોડું.

**<u>પ્રશ્ન</u>**

૧. બંધારણના ઘડવૈયા ડૉ.બી.આર. આંબેડકરનો 60મો મહાપરિનિર્વાણ દિવસ ?.... 6 ડિસેમ્બર ૨૦૧૫

૨. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ડૉ.આંબેડકરની પુણ્યતિથિએ કેટલા રૂપિયાના સિક્કા બહાર પાડ્યા ? ..... રૂ 125 અને 10

૩. હાલમાં ડૉ. આંબેડકરની કેટલામી જન્મજયંતિ વર્ષ ઉજવાઇ રહ્યું છે ? .... 125

૪. તાજેતરમાં ગુજરાતની કઇ સાઇટને રામસર વેટલેન્ડ કન્વેન્શન સાઇટ તરીકે જાહેર કરાશે ? ... મોકર સાગર પોરબંદર

૫. રામસર પ્રોજેકટનો હેતુ શું છે ?... ભેજવાળી જમીનની જાળવણી કરવી.

૬. તાજેતરમાં બ્રિટન આવેલા વર્ષનું સૌથી ખાતરનાક વાવાઝોડું ?..... ડેસ્માન્ડ

Vivekanand Academy, Gandhinagar